# પ્રજાના પ્રશ્નોને વાચા આપવા માટે કોંગી લોકદરબાર યોજશે

અમદાવાદ, તા.૩
ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, લગભગ વર્ષ ૨૦૦૦થી પ્રજા માટે સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓમાં સલામતીના નામે જનતા માટે દરવાજા બંધ છે. ગુજરાતના પ્રજાજનો પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે ભાજપ સરકારના મંત્રીઓ અને અધિકારીઓ પાસે આવે છે. ગુજરાતના દુર દુર વિસ્તારો જેવા કે, કચ્છ, પોરબંદર, નવસારી, દાહોદ, ગોધરાથી પ્રજાજનો આવતા હોય છે. પરંતુ કોઈને પણ મંત્રીઓ સાથે મુલાકાત થતી નથી, પરિણામે અધિકારીઓને પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ કરવાનું હોઈ, તેમને ભ્રષ્ટાચાર કરવાનો ખુલ્લો દોર મળી ગયો છે. ભાજપ સરકારના શાસનના અનુભવના આધારે કોંગ્રેસ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે, કોંગ્રેસ પક્ષ સીધો જ પ્રજાની વચ્ચે જશે અને પ્રજાના પ્રશ્નો સાંભળી તેને વાચા આપશે. તેના ભાગરૂપે તા. ૯ મે, ૨૦૧૬ના રોજ બપોરના ૨-૦૦ કલાકે કપડવંજ તાલુકાના ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે ખેડા જિલ્લાનો લોક દરબારનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માનનીય પ્રમુખ ભરતસિંહ સોલંકી તથા વિપક્ષના નેતા ઉપસ્થિત રહી ખેડા જિલ્લા તથા આજુબાજુના વિસ્તારના લોકતોના પ્રશ્નોની રજુઆત કરી શકે એટલા માટે એક વેબસાઈટનું પણ લોકાર્પણ કરવામાં આવશે. જેઓ પ્રશ્નોની રજુઆત વેબસાઈટ પર ન કરી શકે તેવા લોકોને પ્રશ્નો પુછવા માટે અલગ ફોર્મ છાપવામાં આવ્યા છે. જેમાં પ્રજાને લગતા પ્રશ્નોની રજુઆત કરી શકે એટલા માટે એક વેબસાઈટનું પણ લોકાર્પણ કરવામાં આવશે. જેઓ પ્રશ્નોની રજુઆત વેબસાઈટ પર ન કરી શકે એટલા માટે અલગ ફોર્મ છાપવામાં આવ્યા છે. જેમાં પ્રજાને લગતા પ્રશ્નો જેવા કે, શિક્ષણ બેકારી, જમીન, પાણી, આરોગ્ય વગેરેને લગતા પ્રશ્નો લેખિતમાં પણ આપી શકશે. આ બંને પદ્ધતિથી આવેલા પ્રશ્નોના જવાબ મળશે અને વિરોધપક્ષના કાર્યાલય તરફથી સમગ્ર તંત્રને સજાગ કરવા માટે જે કાંઈ પત્ર વ્યવહાર અને તાકિદ કરવાની થશે તે પણ કરવામાં આવશે. વધુમાં કોંગ્રેસ પક્ષની જ્યાં જિલ્લા અને તાલુકા પંચાયતો છે. ત્યાંના પંચાયતના પ્રમુખઓ, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી જેવા અધિકારીઓ સમયસર લોકોના પ્રશ્નોના જવાબ મળશે અને વિરોધપક્ષના કાર્યાલય તરફથી સમગ્ર તંત્રને સજાગ કરવા માટે જે કાંઈ પત્ર વ્યવહાર

## ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



'બપોરના બાર વાગી જાય ને પછી કોઈ બહાર નથી આવતું, એટલે છાંયડો શોધીને હું ય જંપી જાું છું...' કાચની ચૂડીઓ વેચવાવાળો આ યુવાન ગરમીથી તો હેરાન છે જ, પરંતુ ગાંધીનગરની ગૌરીઓની કાચની ચૂડીઓ પ્રત્યેની ઓછી થયેલી પ્રિતીથી વિશેષ પરેશાન છે ! ઓફિસો - બેન્કો કે અન્યત્ર કામ કરતી કામિનીઓ પાસે તો કાચની ચૂડીઓ પહેરવાની કોઈ સંભાવના જ નથી. ઘરકામ કરતી ગૃહિણીઓને તો કાચની ચૂડીઓની ખનખન ખટકે જ...! કોવેજિયન કન્યાઓએ તો ક્યારનાય કાચની ચૂડીઓના પર્યાય પહેરી લીધાં છે...! બોલો, પ્રસંગો સિવાય કાચની ચૂડીઓ પહેરે કોણ...? રંગબેરંગી ચૂડીઓથી ભરેલી લારી સ્વયં જાણે કોઈ જાજરમાન સન્નારી સી શોભાયમાન હોય... પરંતુ આ કાળઝાળ સુક્કી વેળામાં એની આસપાસ કોઈ ફરકતું સુદ્ધાં નથી. કાચની ચૂડીઓ વેચવાવાળાના તો બાર વાગી જ ગયેલા છે...!!

# સરકારી યોજનાની જાહેરાતો પાછળ કરોડોનું આંધણ થયું

### પીવાના પાણીની તીવ્ર અછત છે ત્યારે બિનજરૂરી ખર્ચ : પીવાના પાણીની તીવ્ર તંગી સાથે પશુધન માટે ઘાસચારાની જટિલ સમસ્યા સર્જાઈ ગઈ છે : અણઆવડત સપાટીએ

ગાંધીનગર, તા.૩
સમગ્ર ગુજરાત રાજયમાં પીવાના પાણીની તીવ્ર તંગી સાથે અછતની પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. ત્યારે લાજ શરમને નેવે મુકીને ભાજપ સરકારી યોજનાઓની જાહેરાતો અને સમારોહ પાછળ લાખ્ખો રૂપિયાનું આંધણ કરી પ્રજાની મશ્કરી કરી રહી હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે. કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, સમગ્ર ગુજરાત રાજ્યમાં અછતની પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. જેમાં મોટા ભાગના વિસ્તારોમાં પીવાના પાણીની તીવ્ર તંગી સાથે પશુધન માટે પણ ઘાસચારા અને પાણીના પ્રશ્ને વિકટ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. પાણીની નીતી બાબતે ભાજપ સરકારની અણઆવડતના કારણે નર્મદા યોજના હોવા છતાં કોઈ સુચારું આયોજન થઈ શક્યું નથી. ત્યારે મુખ્યમંત્રીથી લઈ વડાપ્રધાન સુધી ભાજપના આગેવાનોએ સારા વરસાદની રાહ જોવો તેવું કહી પ્રજાને રામભરોસે છોડી લીધી છે. જ્યારે ગુજરાત મોડેલ માટે ગૌરવ લેતી રાજયની ભાજપ સરકારે વિવિધ યોજનાઓ માટે જાહેરાતોનો મારો ચલાવી પ્રજાની ક્રુર મશ્કરી કરવામાં કઈ જ બાકી રાખ્યું નથી. ભાજપ સરકાર દ્વારા રાજ્યની નગરપાલિકાઓને વિવિધ કામો માટે રૂ. ૨૬૦૦ કરોડના ચેકની અર્પણ વિધિ માટે ગાંધીનગરમાં યોજાનારા સમારોહની રાજ્યવ્યાપી જાહેરાતોનો મારો ચલાવ્યો છે. ગુજરાત રાજ્યના તમામ જિલ્લા તાલુકા મથકોએ જાહેર સ્થળો તેમજ સરકારી કચેરીઓ ઉપર આ જાહેરાતના વિશાળ હોર્ડીંગ્સ અને બેનર્સ લગાવવામાં આવ્યા છે. પરંતુ વિવિધ નગરપાલિકાઓને ફાળવવામાં આવનારી ગ્રાન્ટ બજેટની જોગવાઈને આધીન રૂટિન જ છે. તેમાં કોઈ નવી જોગવાઈ કે આયોજન કરવામાં આવ્યું નથી. આ ઉપરાંત મુખ્યમંત્રી હસ્તકના વિભાગોમાંથી કોઈ વિશેષ જોગવાઈ જાહેર કરવામાં આવી નથી. આમ છતાં નગરપાલિકાઓને અર્પણ કરાનારા આ ચેકની બાબત કોઈ નવી જાહેરાત હોય તે રીતે લાખ્ખો રૂપિયાના ખર્ચે હોડીંગ્સ લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત આ સમારોહ માટે ચા પાણી, નાસ્તા, ભોજનથી લઈ આગતા સ્વાગતા પાછળ પણ લાખ્ખો રૂપિયા ખર્ચવામાં આવનાર છે. આમ, પ્રજાના જ નાણા હોવા છતાં ભાજપ સરકાર દ્વારા કોઈ નવું આયોજન કર્યા વિના કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવી રહ્યું છે.

## ઉત્કંઠેશ્વર ખાતે કોંગ્રેસનો લોકદરબાર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં પીવાના પાણીની અસહ્ય તંગી, સિંચાઈના પાણી અને ટેકાના ભાવો માટે ખેડૂતો પરેશાન, કાયદો વ્યવસ્થાની કથળી ગયેલી પરિસ્થિતિ, મોંઘુ શિક્ષણ, બેરોજગારી, ભ્રષ્ટાચાર, મોંઘવારી, કથળી ગયેલ આરોગ્ય સેવા, મહિલા સુરક્ષા, દલિત, આદિવાસી, લઘુમતિ પર અત્યાચાર સહિતના મુદ્દાઓમાં ભાજપ સરકારની નિષ્ફળતાઓ, બેજવાબદારપણામાં નાગરિકોની સમસ્યા, પરેશાની સાંભળવા માટે કોંગ્રેસ પક્ષ દ્વારા તા. ૯મી મે, ૨૦૧૬ના રોજ ઉત્કંઠેશ્વર મહાદેવ, કપડવંજ ખાતેથી લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. આ કપડવંજ ખાતે યોજાનાર લોકદરબાર કોંગ્રેસ પક્ષના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શંકરસિંહજી વાઘેલાની ઉપસ્થિતિમાં યોજાશે.

## ઉત્તરપ્રદેશમાં ઈ-વોટીંગના અમલીકરણ અંગે રાજ્ય ચૂંટણી આયોગનું પ્રતિનિધિ મંડળ અભ્યાસ અર્થે ગુજરાતની મુલાકાતે

ગાંધીનગર, તા. ૩
ઉત્તરપ્રદેશ રાજ્ય નિર્વાચન આયોગના અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવ્યું છે. ઉત્તર પ્રદેશમાં આગામી ચૂંટણીઓમાં ઈ-વોટીંગના અમલીકરણ અંગેના અભ્યાસ અર્થે આજે ગાંધીનગર ખાતે રાજ્ય ચૂંટણી આયોગના કમિશનર શ્રી વરેશ સિંહાના અધ્યક્ષ સ્થાને પરામર્શ બેઠક યોજાઈ હતી.

ઉત્તરપ્રદેશમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં ઈ-વોટીંગના અમલીકરણ અને તેના અભ્યાસ અર્થે રાજ્ય નિર્વાચન આયોગે પ્રેઝન્ટેશન દ્વારા ઈ-વોટીંગ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપી માહિતગાર કર્યા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલ આ બેઠકમાં ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૦થી શરૂ થયેલ ઈ-વોટીંગની વિસ્તૃત માહિતી અને જાણકારી મેળવવા ઉત્તરપ્રદેશ રાજ્ય નિર્વાચન આયોગના અધિક કમિશનર વેદ પ્રકાશ વર્મા, ખાસ ફરજ પરના અધિકારી જયપ્રકાશ સિંગ અને એન.આઈ.સી.ના ડાયરેક્ટર ડૉ. સૌરભ ગુપ્તા અને શૈલેષ શ્રીવાસ્તવને પ્રેઝન્ટેશન દ્વારા ઈ-વોટીંગની વિસ્તૃત જાણકારી આપી હતી.

## ચોર ઝડપાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝડપીને પી સી આર વાન બોલાવી પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો. એસ ટી ડેપોમાં છેલ્લા ઘણા સમયથી પોલીસ ચોકી કાર્યરત કરવાની માંગ ઉઠવા પામી છે. પરંતુ પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવા માટે પણ એસ ટી નિગમ દ્વારા કોઈ પગલા લેવામાં આવતા નથી. જયારે મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બની રહયા છે.

**ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી.**
(રાજ્ય સરકારનું સાહસ)
**'બલરામ ભવન' સેક્ટર-૧૦એ, ગાંધીનગર**
ફોન નં. : ૦૭૯ ૨૩૨૫૯૩૧૯, ૫૯૩૨૦, ૫૯૩૨૨ Website : gsidc.org
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૨૩૧૧ Email : md-gsidc@gswan.gov.in
CIN NO. : U45201GJ1978SGC003124

**કોપીયર મશીન નિગમની વડી કચેરી ગાંધીનગર ખાતે મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ આપવા અંગે**

નિગમની વડી કચેરી, ગાંધીનગર ખાતે કોપીયર મશીન મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ માટે પાર્ટીઓ પાસેથી ૧૫ માસ માટે પ્રતિ કોપીના દરથી રેઈટ કોન્ટ્રાક્ટ કરવા ટેન્ડર દ્વારા ભાવો મંગાવવામાં આવે છે. આ બાબતે રસ ધરાવતી પાર્ટીઓએ ઉપરોક્ત કચેરીના સરનામે જાહેર રજા સિવાયના દિવસોમાં ૧૪.૦૦ કલાક સુધીમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફી (નોની રીફંડેબલ) રોકડા ભરીને ટેન્ડર ફોર્મ તા. ૧૮/૫/૨૦૧૬ સમય ૧૭.૦૦ કલાક સુધીમાં મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૧૯/૫/૨૦૧૬ સમય ૧૭.૦૦ કલાક સુધીમાં ઉપરોક્ત સરનામે રજી.પોસ્ટ એ.ડી.થી / સ્પીડ પોસ્ટથી અથવા તો રૂબરૂ આવી કચેરીની રજીસ્ટ્રી શાખામાં આપવાનું રહેશે. ટેન્ડર ફોર્મના કવર ઉપર 'કોપીયર મશીન નિગમની વડી કચેરી ગાંધીનગર ખાતે મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ' લખવાનું રહેશે. આ ટેન્ડર તા. ૨૦/૫/૨૦૧૬ના રોજ ૧૫.૦૦ કલાકે પાર્ટીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.
માહિતી/૨૪૯/૨૦૧૬-૧૭ વહીવટી સંચાલક

## પરાગ મિલ્ક ફૂડ્સ લિમિટેડ મૂલ્ય સંવર્ધિત દૂધ ઉત્પાદનો માટે આરએન્ડડી સેન્ટર સ્થાપિત કરશે

પરાગ મિલ્ક ફૂડ્સ લિમિટેડ (''કંપની'')એ મન્ચાર એકમ (પૂણે નજીક)માં નવા ઉત્પાદનો અને પ્રક્રિયાઓ વિકસાવવા એક સંશોધન અને વિકાસ (આરએન્ડડી) કેન્દ્ર તથા પશુ સંવર્ધન પર તાલીમ અને વિકાસ પ્રવૃત્તિઓ માટે તથા ધ્યાન કેન્દ્રિત કરવું માટે પેટાકંપનીમાં ટેકનોલોજી સેન્ટર સ્થાપિત કરવાની દરખાસ્ત રજૂ કરી છે. કંપની આઈપીઓ મારફતે રૂ. ૩૦૦ કરોડનાં નવા ઈક્વિટી શેર ઈશ્યૂ કરશે, જેમાંથી રૂ. ૧૪૭.૭ કરોડનો ઉપયોગ વિસ્તરણ અને પ્લાન્ટના આધુનિકરણ માટે કરવાનું આયોજન છે.

કંપનીએ તાજેતરમાં 'ટોપ્પ અપ' બ્રાન્ડ હેઠળ વધારે પ્રોટિન ધરાવતું ફલેવર્ડ મિલ્ક અને થોડા વેરિઅન્ટ સાથે 'ગો' બ્રાન્ડ હેઠળ માખણ લોંચ કર્યું છે. તેણે ચોક્કસ વપરાશને આધારે દૂધના વેરિઅન્ટ પણ રજૂ કર્યા છે અને ચા તથા કોફી બનાવવા ટી-સ્ટાર દૂધ લોંચ કર્યું છે તેમજ વિકસતાં બાળકો માટે વધારે પ્રોટિન ધરાવતું ગો ફિડ્ઝ મિલ્ક પ્રસ્તુત કર્યું છે. તે હવે 'ગો' બ્રાન્ડ હેઠળ બેવરેજીસ પોર્ટફોલિયો આધારિત ડેરી ઉત્પાદનો વધારવા અને દૂધ આધારિત વધારે પ્રોટિન ધરાવતા પીણાં રજૂ કરવા ઈચ્છે છે.

કંપનીએ ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૨૦ થી રૂ. ૨૨૭ની પ્રાઈઝ બેન્ડ પર રોકડ માટે રૂ. ૧૦ના (''ઈક્વિટી શેર'')ની ફેસ વેલ્યુ ધરાવતા તેના ઈક્વિટી શેરનો પબ્લિક ઈશ્યૂ ૪ મે, ૨૦૧૬ને બુધવારે લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. રોકાણકાર વિક્રેતા સેરધારકો અને બીઆરએલએમ સાથે ચર્ચા કરનાર કંપની લાયક કર્મચારીઓને ઈશ્યૂ પ્રાઈસ પર ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૨ સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરશે અને રિટેલ વ્યક્તિગત બિડર્સને પણ ઈશ્યૂ પ્રાઈસ પર રૂ. ૧૨ સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરશે. બિડ/ઈશ્યૂનો સમયગાળો ૬ મે, ૨૦૧૬ને શુક્રવારે બંધ થશે.

## નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

કરી લીધું છે તેથી ટ્યુશનની આવક પર ઘર ચાલે છે. તેણે તેની નાની ઉંમરમાં અનેક ચડાવ ઉતાર જોયા છે. તેથી જ તેણે કહેલું આજકાલ સો ટકા ઈમાનદાર અને ભલા વ્યક્તિ પર પણ લાંબો સમય વિશ્વાસ થઈ શકતો નથી. કેમ કે, દુનિયામાં મોટાભાગના લોકો બેઈમાન, દગાબાજ, ભ્રષ્ટ અને નિમ્ન કક્ષાના છે. સેવાભાવી અને કર્તવ્યનિષ્ઠ લોકો શોધ્યા જડતા નથી.

છેલ્લા દિવસે તે પોતાના એકટીવા પર મને સ્ટેશને મુકવા આવી, વિદાય આપતાં સ્વાતિની આંખોમાં જળજળીયા આવી ગયા. તે કંઈક કહેવા માંગતી હતી પણ કરી ન શકી. આજ તેની નિષ્ઠા મૌન હતી અને આંસુ વાચાળ થઈ કહી રહ્યાં હતા 'ફરી મળશું.'

બે મહિના પછી પરીક્ષાનું પરિણામ આવ્યું. સ્વાતિએ જ મને ફોન કરીને કહ્યું કે 'હું કૉલેજમાં પ્રથમ આવ્યો છું અને તે પણ ફર્સ્ટ કલાસમાં પાસ થઈ ગઈ છે.' શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં અને બંને સફળ થવાં હેમલતા તે આ બધું સ્વાતિ જણાવતી રહેતી હતી.

આજે બપોરે હેમતલાનો પત્ર આવ્યો. તેમાં લખેલ હતું સુમિત, હવે તારે સહધર્મચારીણીની જરુર છે. તેમાં સ્વાતિથી વધુ યોગ્ય કોણ હોય? તેને સારી રીતે ઓળખે છે. આ વાતે મારા કોમ્પ્યુટર એન્જીનીયર પતિ પણ સંમત છે. તેઓ તમારા બંનેના સંબંધો બંધાય તેમાં મદદરુપ બનશે. મને પણ સંતોષ થશે. મને પણ થશે કે મારી ખાસ બહેનપણીના સુખીજીવન માટે હું કંઈક કરી શકી.

થોડા દિવસ આ વાતે ગંભીર રીતે હું વિચારતો રહ્યો, મિત્રોની સલાહ લીધી. ભાવિ અંગે વિચાર કર્યો પછી નક્કી કર્યું કે આવી સુશિક્ષિત, નોકરી કરતી, સેવાભાવી અને ઉદાર સ્ત્રી સાથે લગ્ન કરવાથી ભાવિજીવન જરુરથી સુખમય બનાવી શકાય તેમ છે. તેથી મેં સંમતિ આપી દીધી. હેમતલાને ઘરે અમારા લગ્નનું આયોજન થયું. સૌએ અમને આશીર્વાદ આપ્યા. ત્યારે હેમતલાની આંખમાં હું અદ્ભૂત ચમક જોઈ શક્યો.

## વિચારોના મધુવનમાં

● ૪ પાનાનું ચાલુ...

મુખ્ય આવશ્યકતા હોય છે. એક છે શારીરિક અને બીજી છે માનસિક.માની લો કે કોઈની ચાલને અમુક કપડા અનુકૂળ લાગે અથવા અમુક રંગના કપડા સારા લાગે. હવે જ્યારે તે આ રીતે તૈયાર થઈ નીકળે ત્યારે લોકોની નજર તેના ઉપર પડવાની છે. જોનારને ક્યાંક વિચિત્રતા લાગી શકે છે. પણ તે વ્યક્તિને તેમાં સુરક્ષા અને સારપનો અનુભવ થતો રહે છે. કોઈ છોકરો લાંબા વાલ રાખી તેની ચોટી (પોની) બનાવી ફરે તો તે તેના માટે સુરક્ષા અને માનસિક રાહતનો અનુભવ છે. જો તે તેની આ શૈલીને માત્ર પોતાના માટે જ વ્યક્તિત્વનો ભાગ માનતો હોય તો બહુ મુશ્કેલી નહી અનુભવે. પણ જો તે બીજા આગળ પોતાને અલગ દેખાડવાની વૃત્તિથી વિચિત્ર વેશ ધારણ કરી માત્ર બાહ્ય આડંબર કરે જાય તો શક્ય છે કે કોઈની સાથે સંઘર્ષમાં ઉતરવું પડે. ક્યાંક કોઈ સંઘર્ષ કે બોલાચાલી થાય અને મોટું સ્વરૂપ ધારણ કરી લે.

કેટલાક માતા-પિતા બાળકીને છોકરાના કપડા પહેરાવી આનંદ લેતા હોય છે. બાળકીના મનમાં ધીરે ધીરે એ ભાવનું અસંતુલન થશે કે હું બીજા જેવી છું કે છોકરી છું.જ્યારે તે શાળામાં જશે ત્યારે વળી બીજી માનસિક લડત તેણે લડવી પડે છે.

કોઈ ચિંતકે કહ્યું છે કે માણસ બધું બની શકે પણ સહજ અને નિખાલસ બની શકતો નથી. વાસ્તવમાં મનનો કોઈ એક ખૂણો આ બધી મુશ્કેલીઓ ઊભી કરનારો છે. મનની સમસ્યા કોઈ રીતે કૂદકો મારી બહાર આવી જાય છે. મનની સંભાળ એ મુખ્ય કામ છે. ભગવદગીતા કહે છે કે મનની પ્રવૃત્તિઓ અને કાર્યકલાપ બધે સાથે રહે છે. મન પેલાં ફૂગ્ગા જેવો છે. ફૂલાવીએ તેટલો ફૂલે પછી કોઈ બરાબરીઓ મળી જાય તો ફૂટી પણ જાય. ફૂગ્ગો તેની મર્યાદા સાચવીને ફૂલે તો તેનું સૌંદર્ય સચવાઈ જાય. ધન અને મદનો ફૂગ્ગો જ ફૂટે તેવું નથી પણ જ્ઞાનનો ફૂગ્ગો ફૂટે તો પણ મોટો ધડાકો થાય.

## Hello ફ્રેન્ડ્સ!

● ૪ પાનાનું ચાલુ...

જિંદગી કે સફર મેં ગુજર જાતેં હૈ - આપ કી કસમ, બોમ્બે સે બરોડા તક - રફુચક્કર, પલ દો પલ કા સાથ હમારા - ધ બર્નીંગ ટ્રેન, સારી દુનિયા કા બોજ મૈં ઉઠાતા હું - કુલી, આ આન્ટે અમલાપુરમ્ - આર્યા, ધડક-ધડક - બન્ટી ઔર બબલી... બીજા પણ હોઈ શકે... ટૉયટ્રેન - હિલ સ્ટેશન - હિન્દી ફિલ્મી ગીતો... જિંદગી એક સફર હૈ સુહાના...

ચૂંટલો : વેકેશનમાં હિલ સ્ટેશન ફરવાનો પ્લાન હોય તો આ બધી જગ્યાએ આવેલી ટોયટ્રેનની સફરનો આનંદ લેજો કારણ 'ગાડી બુલા રહી હૈ, સિટી બજા રહી હૈ,' ઉતાવળે આંબા ન પાકે, સફરનો આનંદ લેવા સમય કાઢવો પડે અને રોમાંચક ટોયટ્રેનની સવારી માણવી પડે.

